Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

# ર.વ.દેસાઈની “ગ્રામ લક્ષ્મી”માં દૃશ્યમાન થતી ગ્રામીણ સામાજિક સમસ્યાઓ

ડો. પરેશ એમ. પરમાર*

સાહિત્ય સમાજની આરસી છે. કોઈપણ સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિનું પ્રતિબિંબ તે સમાજની સાહિત્યની રચનાઓમાં પડે છે. જુદી જુદી નવલકથાઓ, કવિતા, લેખો અને નાની મોટી વાર્તાઓ જેવી સાહિત્ય કૃતિઓમાં સમાજજીવનનું નિરૂપણ થાય છે આ નિરૂપણ ભલે કોઈ તાલીમ પામેલા સમાજશાસ્ત્રી કે સામાજિક માનવશાસ્ત્રના સંશોધકે નથી કર્યું હોતું છતાં કેટલાક સાહિત્યકાર જ્યારે સામાજિક ઘટનાઓનું આલેખન કરે ત્યારે એવો ભાસ થાય કે લેખકે સહભાગી સૂક્ષ્મ અવલોકન(Participant observation) ના આધારે માહિતી એકત્ર કરી અને તેને સરસ બનાવી સાહિત્યિક ઓપ આપી રજૂ કરેલ છે. એટલે સામાન્ય સંશોધન અહેવાલ કરતાં વાચક વર્ગને વધુ જકડી રાખે અને સરળ રીતે સમજાવી અસર ઉપજાવી શકે તેવા સામર્થ્ય કેટલીક કૃતિઓમાં જોવા મળે છે.

આ પ્રકારની કૃતિઓનું જો સમાજશાસ્ત્રીય વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવે તો આપણને તેમાં માનવ વર્તનની સામાજિક આંતરક્રિયાઓ, સામાજિક સંબંધો રીત-રિવાજો, માન્યતાઓ-મૂલ્યો વગેરે સામાજિક તથ્યો આલેખાયેલા જોવા મળે છે.

પ્રસ્તુત લઘુશોધ લેખ તૈયાર કરવા માટે મેં સુપ્રસિદ્ધ સાહિત્યકાર રમણલાલ વસંતલાલ દેસાઈની એક કૃતિ “ગ્રામલક્ષ્મી” પસંદ કરેલ છે. (ગ્રામલક્ષ્મી (સંક્ષિપ્ત) પ્રકાશક : આર.આર. શેઠની કંપની, મુંબઈ-૨, પ્રથમ આવૃત્તિ જુલાઈ, ૧૯૬૧, મૂલ્ય રૂ ૫.૭૫). “ગ્રામલક્ષ્મી” મુખ્યત્વે ચાર ભાગમાં લખાયેલી કૃતિ/નવલકથા છે. લઘુ શોધલેખ તૈયાર કરવા માટે ગ્રામલક્ષ્મી પસંદ કરવા પાછળનું કારણ એ છે : એક તો મારી ગ્રામીણ પૃષ્ઠભૂમિ અને બીજું ગ્રામીણ સમાજશાસ્ત્રમાં રસ. એટલે ગ્રામજીવનની ચર્ચા કરતી આ નવલકથા મેં પસંદ કરી

---

*ડો. પરેશ એમ. પરમાર, એસોસીએટ પ્રોફેસર એન્ડ હેડ, સમાજશાસ્ત્ર વિભાગ,

આણંદ આર્ટ્સ કૉલેજ, આણંદ.

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઈ ગામડાના વતની અને એક મુલકી અધિકારી તરીકે ગ્રામીણજીવનના સુમાહિતગાર છે એક લેખક તરીકે તેઓએ ગ્રામીણ જીવનના અનેક પાસાંઓનું સૂક્ષ્મ અવલોકન કરેલું છે ગ્રામલક્ષ્મીનું પ્રકાશન ૧૯૩૩માં થયું છે એટલે આઝાદી પહેલાના સમયનું તે પ્રતિનિધિત્વ ધરાવે છે. આ રીતે આજથી સાત-આઠ દાયકા પહેલાનું ગ્રામીણ જીવન તેમાં નિરુપાયેલું જોવા મળે છે.

લેખકે ગ્રામીણ જીવનના સારા અને નબળા તમામ પાસાંઓનું વર્ણન કરેલું છેગ્રામીણ જીવનના ઘણાં ઉદ્દાત તત્વોનું નિરુપણ તેના પાત્રો અશ્વિન, કુસુમ, તારા, રામાભાઈ પટેલ, મહેરૂ વગેરેમાં જોવા મળે છે. તો સામે વૈકુંઠરાય, ઈચ્છાદેવી, રામરાય, કૃષ્ણારાય, ભીખા શેઠ જેવાં શેઠ પાત્રો પણ ગામડામાં વસે છે. પરંતુ અહીં આ પાત્રો કરતાં પરિસ્થિતી તરફ વધુ ધ્યાન આપ્યું છે અને તેમાંય ખાસ કરીને ગામડાઓની સમસ્યાઓનો જ ચિતાર લેખકે આપ્યો છે તેની ચર્ચા પ્રસ્તુત લઘુ શોધ લેખમાં કરવામાં આવી છે.

ગ્રામલક્ષ્મીમાં મુખ્યત્વે નીચેની સમસ્યાઓ વધતાં ઓછા અંશે આપવામાં આવેલ છે:

૧. **અસ્પૃશ્યતા (Untouchability) :**

ભારતીય હિન્દુ સમાજના કલંકરૂપ ગણાવી આ સમસ્યા પર લેખકે અનેક જગ્યાએ ચાબખા માર્યા છે. સાથે મજૂરી કરવા છતાં અશ્વિનને કાનજીથી દૂર રહેવા કડક સૂચના અપાય છે અશ્વિન જ્યારે કાનજીને અક્ષરજ્ઞાન આપવા પ્રયત્ન કરે છે ત્યારે પટેલ કહે છે કે, “આ વરણ ને ભણાવશો તો મોંઢે ચડશે.” એક કાનજીને કારણે ઘનશ્યામરાય આખા વર્ગને ઘર બહાર કાઢી મૂકે છે અછૂત સ્ત્રી સવર્ણના કૂવે પાણી ભરી ન શકે. સવર્ણ સ્ત્રીઓ તેને સહેલાયથી પાણી સીંચી ન આપે અને તે પાણી માટે કરગરતી હોય તે વર્ણન હૃદયદ્રાવક બને છે. શું જીવ અને શિવ એક છે તેવી વાતો કરનારા હિન્દુ આવાં હોય ?

જમીનદારી પ્રથાના દૂષણો પણ લેખકે રજૂ કર્યા છે. અહીં તેમની એક વૈજ્ઞાનિક જેટલી તટસ્થતા જોવા મળે છે. આ એક બેઠાડું વર્ગ, સહેલાણી વર્ગ, અંગ મહેનતમાં શરમ અને પ્રમાદમાં પ્રતિષ્ઠા સમજતો વિલાસી વર્ગ એવું દર્શાવી જમીનદારી પ્રથાની સમસ્યા દર્શાવી છે.

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

### ૨. ગરીબી **(Povarty) :**

ગામડામાં ગરીબીનું પ્રમાણ ખૂબ જ જોવા મળે છે ગરીબી કોઈપણ પ્રકારના ભેદભાવ વગર દરેક જ્ઞાતિ કે સામાજિક વર્ગમાં જોવા મળે છે. ઘનશ્યામ રાય જેવા ગૃહસ્થ– જમીનદાર – ઉચ્ચજ્ઞાતિના કુટુંબમાં પણ જોવા મળે છે અને કરશન પટેલ, મહેરુ કોળી, કાનજી બધાને સતાવતી સમસ્યા છે. શોષણ, દેવું, અનિયમીત આવક, બેકારી, રિવાજો પાછળ ખોટા ખર્ચા, શારીરિક મહેનતનો અભાવ ગરીબી માટેના જવાબદાર પરિબળો છે.

### ૩. બેકારી **(Unemployment) :**

ગ્રામીણજનોમાં બેકારીનું પ્રમાણ વધારે હોય છે એ નવલકથાનો મુખ્ય નાયક – અશ્વિન પણ એક નોકરી મેળવવામાં નિષ્ફળ થયેલો યુવક છે ખાસ કરીને ગામડાના શિક્ષિત યુવાનો માત્ર નોકરી શોધવામાં જ પ્રયત્ન કરે છે. સહકારી ક્ષેત્રોમાં ઉચાપત, ભ્રષ્ટાચાર ત્યારે પણ હતા. અશિક્ષિત શારિરીક શ્રમ કરે એટલે બેકાર ઓછા રહે. જ્યારે શિક્ષિત શ્રમ કરતાં શરમાય અને સારી નોકરી મળે નહી તેથી બેકાર રહે. લેખકે બેકારીના પરિણામોની ચર્ચા પણ કરી છે. જેમાં એકલતા, પરાધીનતા, તરંગીપણું, આપઘાતના વિચાર, દામપત્ય જીવનમાં નિરસતા, કુટુંબના દરજ્જાને અસર વગેરે દર્શાવેલ છે.

### ૪. નિરક્ષરતા **(Illiteracy) :**

ગામડાની આ મોટી સમસ્યા છે. કદાચ સાત દાયકા પહેલા આ સમસ્યા આજના જેટલી ગંભીર નહીં ગણાતી હોય છતાં ગામડાના ભદ્ર વર્ગ શિક્ષણનું મહત્વ સ્વીકારે છે કેળવણીની જરૂરિયાત તરફ લેખક અંગુલીનિર્દેશ કરે છે. જેમ કે તારા વિધવા થયા પછી અભ્યાસ કરી નોકરી કરતી થઈ, તો સ્વમાનથી જીવી શકે. રામા પટેલની પુત્રી ઉજળીને તેનો પતિ તેડાવતો નથી કારણ ઉજળી સારી, સુડોળ કામઢી છતાં અભણ છે. આ શિક્ષણનું મહત્વ દર્શાવતી ઘટનાઓ છે

કેળવણીની જરૂરિયાત દરેકને છે. તેથી જ અશ્વિન મોટી ઉમરના અનેક ગ્રામજનોને શિક્ષણ આપવા પ્રયત્ન કરે છે. લોકો શિક્ષણનું મહત્વ સ્વીકારી શાળામાં આવતાં થયા તે કેળવણી પ્રત્યેના બદલાતા વલણનો ખ્યાલ આપે છે. કેળવણી જાણે કે ગામડામાં ઉપયોગી જ નથી અને કેળવણી એક

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

બેઠાડું વર્ગ સર્જે છે તેની રજૂઆત મર્મજ્ઞ લેખક અનેક રીતે કરે છે આ પ્રમાણે કેળવણીનો અભાવ અને બીન ઉપયોગી કેળવણી બંને સમસ્યા છે.

**૪. સ્ત્રીઓની દુર્દશા (Bed position of Women) :**

સ્ત્રીઓમાં સામાજિક દરજ્જા વિશેની ચર્ચાઓ ઘણી જગ્યાએ થઈ છે. બંગાળની સ્ત્રીઓની પરિસ્થિતી – દુર્દશા જેમ શરદબાબુ અને સૌરન્દ્ર મોહને રજૂ કરી છે તેવી જ પરિસ્થિતી ગુજરાતની સ્ત્રીઓની, ખાસ કરીને ગ્રામીણ સ્ત્રીઓની રમણભાઈએ વર્ણવી છે. કન્યા કેળવણીનો અભાવ (ઉજળી), બાળલગ્ન અને બાલ્યાવસ્થામાં જ વૈધવ્ય (તારા), ગરીબીમાં ધ્રુજતી રડતી, લાચાર સ્ત્રી (કરશનની પત્ની) અને આવા અનેક પાત્રોમાં સ્ત્રીઓની દુર્દશાનો ચિતાર આપ્યો છે.

આ ઉપરાંત અનેક નાની-મોટી સમસ્યાઓનો સીધા કે આડકતરી રીતે લેખકે ઉલ્લેખ કર્યો છે. જેમાં ગામડાની ઉપેક્ષા, ખરાબ રસ્તાઓ, એવા જ વાહનો, ગંદકીના ઢગલા, આરોગ્ય- સ્વચ્છતાનો ખ્યાલોનો અભાવ, અસમાનતા અનેક પ્રકારની, ખટપટ – કૂથલી કરતી (ઈચ્છાલક્ષ્મી, સવિતા, કામિલ જેવા) પાડોશીઓ, વસ્ત્રહીન, બીભત્સ ગાળો બોલતાં બાળકો, અયોગ્ય (વૈકુંઠરાય જેવા) નેતૃત્વ તુમાખી અમલદારો અને શોષણ કરતાં (ભીખા શેઠ જેવા) શાહુકારો અને ગરીબ સ્ત્રી (ઉજમ)નું શારીરિક શોષણ કરતાં (મગન શેઠ જેવા) ધનાઢ્યોના ચરિત્રો દ્વારા ગ્રામ સમસ્યાઓની ચર્ચા થયેલ છે.

ગ્રામજીવનની આ સમસ્યાઓ સાત દાયકા પહેલા – આઝાદી પહેલા હતી. એ પરિસ્થિતી બારોબર તો ન જ હતી છતાં સહ્ય હતી. કારણ કે આપણી આશ્વાસન લઈ શકતા કે આપણે ગુલામ હતા. શાસન અંગ્રેજોનું હતું એટલે સમસ્યાઓ હોય પરંતુ ગામડાઓમાં આ સમસ્યાઓ આજે પણ છે જ અને હવે આપણે તે માટેનું જસ્ટિફિકેશન આપી શકીએ તેમ નથી – કારણ કે આપણે પોણી સદીથી આઝાદી ભોગવી છીએ. આપણું લોકશાહીનું માળખું વહીવટીતંત્ર અને વહીવટકારો પણ ગામમાં જ અને છતાં ગામડાઓની હાલત, દુર્દશા એની એ જ ..... !

'યુગમૂર્તિ વાર્તાકાર તરીકે જાણીતા રમણલાલ વ. દેસાઈની ગ્રામચેતનાને લગતી નવલકથાઓમાં "ગ્રામલક્ષ્મી" શિરમોર છે. ૧૯૩૩માં પ્રગટ થયેલી "ગ્રામલક્ષ્મી" નવલકથાનો નાયક અશ્વિન એ જમાનાના યુવાનોનો આદર્શ હતો આ અશ્વિન એન્જીનિયરીંગનું ભણ્યો છે ઈજનેરની સરકારી

ISSN NO: 2395-339X

નોકરી મેળવવા જાય છે, પણ સફળ થતો નથી. તેનું કારણ આપણે રમણલાલ વસંતલાલ દેસાઈના શબ્દોમાં જ જાણીએ.

'પછી શું થાય, અશ્વિન !' પિતાએ પૂછ્યું

સાહેબે ના કહી.

'કારણ ? '

'કારણ એટલું જ કે હું ઊંચી કોમનો હિંદુ છું'

'ઊંચી કોમના હોવું એમાં કશું દૂષણ છે?'

'હા, સરકારી નોકરી માટે એ નાલાયકી ગણાય છે.'

'શા માટે ?'

'સારી સ્થિતિના લીધે તેમનામા (નિમ્ન જ્ઞાતિઓમાં) સારી બુદ્ધિ ખીલે છે અને તેને જોરે ઊંચી કોમ પછાત કોમને પાછળની પાછળ રાખે છે.'

'એટલે નીચી કોમને સારી નોકરી આપી સરકાર તેમણે ઊંચી બનાવશે .... ખરું ?'

અશ્વિન કાઈં બોલ્યો નહી. પિતાએ પ્રશ્નાર્થમાં જે ટીકા કરી હતી તે ખરેખર સરકારે સિદ્ધાંત તરીકે માન્ય કરી હતી. બ્રાહ્મણ કોમના ગ્રેજ્યુએટ કરતાં ભંગી કોમનો ગ્રેજ્યુએટ લાયક મણાતો વણિક અને મહાર વકીલાતમાં પાસ થાય તો વણિક કરતાં મહારની પસંદગી મુનસફગીરી માટે પહેલી થતી અને મુસલમાન નોકરીમાં મળી આવે તો તેને ખેંચી ખેંચીને ટોચે લઈ જવા પ્રયત્નો થતાં

તેનું એક પરિણામ તો એ આવવા માંડ્યુ છે કે ઊંચી કોમોને નિરાશ્રયી કરવાથી તેમનામા એક જાતનો ધૂંધવાટ પ્રગટ થવા માંડ્યો છે કોમના સબબથી વિશેષ લાભ ન મળે એ ન્યાયસર છે, પરંતુ કોમના કારણે ગેરલાભ જ કરવામાં આવે ત્યારે અન્યાય થયાનો ભાસ જડ ઘાલી બેસે છે (ગ્રામલક્ષ્મી, ભાગ – ૧-૨, ત્રીજી આવૃત્તિ પૃ. ૮-૯).

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

૧૯૮૧ અને ૧૯૮૫ ના અનામત વિરોધી રમખાણો દરમિયાન જે દલીલો સાંભળવા મળતી હતી, તે જ ૧૯૩૩ માં રમણલાલ દેસાઈએ કરી છે. આને લેખકનું આર્ષદર્શન ગણી શકાય પણ ૧૯૩૨માં હજુ તો પૂના કરાર થયો છે તે પછીના વરસે પ્રગટ થયેલી ગુજરાતી નવલકથામાં ઈજનેરની નોકરી, દલિતને મળતા લાભને કારણે કોઈ બિનદલિતને મળતી અટકી હોય, તે માણવા મન તૈયાર નથી.

**સંદર્ભ :**

| | | | |
|---|---|---|---|
| ૧. | જોષી વિધુત | : | સાહિત્ય અને સમાજ (૨૦૦૪) |
| | | | પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ. |
| ૨. | દેસાઈ રમણલાલ | : | ગ્રામલક્ષ્મી નવલકથા. |
| ૩. | મહેરિયા ચંદુ | : | "અસ્મિતા પર્વ" ખંડમાં આપેલ વ્યાખ્યાન |